શીરો-ઉપમાના લોટ અને દાળ-ભાતમાં ચોખા કાચા રહેતા હોવાના આક્ષેપ; તંત્રની કડક તપાસ અને જવાબદારો સામે પગલાંની માગ

# છાણીમાં માસૂમ બાળકોના પોષણ આહાર સાથે ચેડાં: નંદઘર કેન્દ્ર નં.૯માં હલકી ગુણવત્તાના નાસ્તાથી ઉગ્ર રોષ

**અધિકારીઓ દ્વારા વાસ્તવિક સ્થિતિ સ્વીકારવાને બદલે એવો બચાવ કરવામાં આવ્યો હતો કે બાળકો હોંશે-હોંશે નાસ્તો કરી રહ્યા છે**




(પ્રતિનિધિ ) વડોદરા તા.8

રાજ્ય સરકાર દ્વારા આંગણવાડીના બાળકોને પૌષ્ટિક અને ગુણવત્તાસભર ખોરાક પૂરો પાડવાના મોટા-મોટા દાવા કરવામાં આવે છે, પરંતુ ધાતળિયા સ્તરે વાસ્તવિકતા સાવ અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલા એકતા નગર સ્થિત નંદઘર કેન્દ્ર નંબર-9 આંગણવાડીમાં માસૂમ બાળકોને અપાતા નાસ્તાની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને સ્થાનિકો તથા વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશ કમલેશભાઈ અને વા લીઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો મુજબ, નંદઘર કેન્દ્રમાં બાળકોને અપાતો આહાર અત્યંત હલકી ગુણવત્તાનો હોય છે. આંગણવાડીમાં પીરસાતા શીરા અને ઉપમા જેવા નાસ્તામાં પૂરતા પ્રમાણમાં તેલનો ઉપયોગ થતો નથી, એટલું જ નહીં પરંતુ લોટ પણ કાચો-પાકો રહી જાય છે. આ ઉપરાંત બપોરના સમયે આપવામાં આવતા દાળ-ભાતમાં ચોખા કાચા રહી જતા હોવાથી બાળકો આ ખોરાક યોગ્ય રીતે ખાઈ શકતા નથી.

વધુમાં, બાળકોને અઠવાડિયા દરમિયાન વારંવાર એક જ પ્રકારની વાનગીઓ પીરસવામાં આવે છે, જેના કારણે બાળકો નાસ્તો કરવામાં રસ દાખવતા નથી અને આખરે પૌષ્ટિક આહારનો મોટો જથ્થો કચરામાં ફેંકી દેવાનો વારો આવે છે. નાસ્તાની કથળતી ગુણવત્તા અંગે જ્યારે જવાબદાર અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું ત્યારે અધિકારીઓ દ્વારા વાસ્તવિક સ્થિતિ સ્વીકારવાને બદલે એવો બચાવ કરવામાં આવ્યો હતો કે બાળકો હોંશે-હોંશે નાસ્તો કરી રહ્યા છે. જોકે, સ્થાનિકોનો દાવો છે કે અધિકારીઓનો આ જવાબ વાસ્તવિકતાથી સાવ વિપરીત છે અને માસૂમ બાળકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે. આંગણવાડીમાં સપ્લાય થતો નાસ્તો કોન્ટ્રાક્ટની શરતો મુજબ છે કે નહીં તેની તટસ્થ તપાસ કરવામાં આવે અને હલકી ગુણવત્તાનો ખોરાક પૂરો પાડનારા જવાબદારો સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવે તેવી સ્થાનિક રહીશો અને વાલીઓ દ્વારા ઉગ્ર માગણી કરવામાં આવી રહી છે.

આરોપીઓને પહેરાવવાની હાથકડીનો તાળા તરીકે ઉપયોગ..!

## રાવપુરા પોલીસે કેમ હાથકડીથી તાળું મારવું પડ્યું?



- વડોદરાના રાવપુરા પોલીસ સ્ટેશનમાં આરોપીઓને બાંધવા માટે વપરાતી હાથકડીનો ઉપયોગ જાળીને બંધ રાખવા માટે કરાયો હોવાનું સામે આવતા ચર્ચા જાગી છે. પોલીસ સાધનોના આવા ઉપયોગને લઈને લોકોમાં અનેક સવાલો ઉઠ્યા છે. આ અંગે પીઆઈ ડી.જે. પટેલે જણાવ્યું કે હાથકડી કન્ડમ થઈ ગઈ છે અને તેનું એક લોક ખરાબ હોવાથી તેનો ઉપયોગ જાળી તાળું મારવા માટે કરાયો છે. છતાં સરકારી સાધનોના આવા ઉપયોગને ગંભીર બેદરકારી ગણાવી શકાય કે નહીં. ઉચ્ચ અધિકારીઓ કાર્યવાહી કરશે કે નહીં તે હવે ચર્ચાનો વિષય બન્યો છે.

# ટેકનોલોજી ફેકલ્ટીમાં પ્રવેશ પ્રક્રિયામાં સુવિધાના અભાવે વિદ્યાર્થીઓને હાલાકી

**ત્રીજા રાઉન્ડનું** પરિણામ આવતા ત્વરિત એકેડેમિક વર્ષ શરૂ કરવાની નોટિસથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

એમ.એસ.યુનિવર્સીટીની ટેકનોલોજી ફેકલ્ટીમાં એડમિશન પ્રક્રિયાને લઈને વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. એસીપીસીની બેદરકારીનો ભોગ હજારો વિદ્યાર્થીઓ બની રહ્યા છે. ત્રીજા રાઉન્ડનું પરિણામ જાહેર બે ત્રણ દિવસ પૂર્વે જાહેર થયા બાદ એકેડેમિક વર્ષ શરૂ કરવાની નોટિસ આપવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં મૂંઝવણ સર્જાઈ છે.

ટેકનોલોજી ફેકલ્ટી ખાતે પ્રવેશ મેળવવા આવેલા વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે, એડમિશન, ફી ભરવા અને કોલેજમાં રિપોર્ટિંગ માટે પૂરતો સમય આપવામાં આવતો નથી. ફેકલ્ટીમાં એડમિશન માટે વિદ્યાર્થીઓને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. ખાસ કરીને થેલેસેમિયાનો રિપોર્ટ કઢાવવા માટે સુવિધા ઓછી હોવાથી લાંબી લાઈનો લાગી છે. વિદ્યાર્થી જય થોરાટે જણાવ્યું કે, બે-ત્રણ દિવસ પહેલા ત્રીજા રાઉન્ડનું રિઝલ્ટ આવ્યું. બે દિવસનો ગેપ આપીને સીધી કાલે લાસ્ટ ડેટ જાહેર કરી દીધી. એટલે વાલીઓ અને વિદ્યાર્થીઓ ગભરાઈને આવી ગયા છે. સંસ્થાની બેદરકારીના કારણે થેલેસેમિયાના ડેસ્ક પર મોટી લાઈન છે. આજે પાંચ વાગ્યા સુધીમાં એડમિશન થવાનું નથી. ડિજિટલ યુગમાં પણ કલાકો સુધી લાઈન લગાવવાની ફરજ પડતા વિદ્યાર્થીઓએ સવાલ કર્યો કે શું આ જ મેનેજમેન્ટ છે ? વિદ્યાર્થીઓની માંગ છે કે, થેલેસેમિયાના ડેસ્ક વધારવામાં આવે અને એડમિશન પ્રક્રિયાનો સમય લંબાવવામાં આવે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ જવાબદાર તંત્રને અપીલ કરી છે કે, એડમિશન પ્રક્રિયા સુવ્યવસ્થિત અને સરળ બનાવવામાં આવે. જેથી વિદ્યાર્થીઓનો સમય અને મહેનત બંને બચી શકે.

# વડોદરા સ્ટેશને ભીડમાં મહિલાની સોનાની ચેઈન ચોરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેનમાં ચડતી વખતે થયેલી ભારે ભીડનો લાભ લઈ અજાણ્યા તસ્કરે મહિલાના ગળામાંથી આશરે રૂ. 73 હજાર કિંમતની દોઢ તોલાની સોનાની 'ઓમ' પેન્ડન્ટવાળી ચેઈનની ચોરી કરી હતી. આ અંગે રેલવે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સોમાતળાવ વિસ્તારના વેપારી રવિન્દ્ર મદનલાલ ખંડેલવાલ તેમની પત્ની મંજુબેન સાથે 20 જુલાઈએ વડોદરા-ગોરખપુર એક્સપ્રેસમાં ભરતપુર જવા નીકળ્યા હતા. પ્લેટફોર્મ નં. 6 પરથી એસ-3 કોચમાં ચડતી વખતે ભારે ધક્કામુક્કી વચ્ચે મંજુબેનના ગળામાંથી સોનાની ચેઈન ગાયબ થઈ ગઈ હતી. શરૂઆતમાં ચેઈન ખેંચાઈ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ બાદમાં મહિલાએ કોઈ વ્યક્તિને ચેઈન ખેંચતા કે તોડતા જોયા ન હોવાનું જણાવ્યું હતું. જેથી ભીડનો લાભ લઈ અજાણ્યા શખ્સે ચોરી કરી હોવાની આશંકા છે. પોલીસે સ્ટેશનના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીને શોધવા તપાસ હાથ ધરી છે.

ગામમાં પાકો રસ્તો અને સ્મશાનગૃહ જ નહીં

# અંતિમયાત્રાપણ કાદવમાં!વાઘોડિયાના ખોયા ગામનો કરૂણ વીડિયો વાયરલ

**60 વર્ષીય** વૃદ્ધની અંતિમયાત્રા કાદવ-પાણીમાંથી કાઢવી પડી,

**પ્રાથમિક** સુવિધાના અભાવે ગ્રામજનોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરા,તા.27

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ખોયા ગામમાંથી એક કરૂણ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. લાંબી બીમારી બાદ 60 વર્ષીય કાળુભાઈ ભુલાભાઈ નાયકનું અવસાન થતાં તેમની અંતિમયાત્રા કાઢતી વખતે ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ગામમાં પાકા રસ્તા અને સ્મશાનગૃહની કોઈ સુવિધા ન હોવાને કારણે ગ્રામજનોને મૃતદેહને કાદવ-કીચડ અને વરસાદી પાણીમાંથી પસાર કરીને સ્મશાન સુધી લઈ જવો પડ્યો હતો. આ દ્રશ્યો જોઈને સ્થાનિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ગ્રામજનોએ આક્ષેપ કર્યો કે વર્ષોથી વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા રસ્તા અને સ્મશાનગૃહ માટે કોઈ પગલાં લેવાયા નથી. વાયરલ થયેલા વીડિયોએ સરકારના વિકાસના દાવાઓ પર પણ સીધા સવાલો ઉભા કર્યા છે.

ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં ચર્ચા જાગી છે. સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે પાકો રસ્તો બનાવવા અને સ્મશાનગૃહની સુવિધા આપવાની માંગ કરી છે. સાથે જ આ બેદરકારી માટે જવાબદાર તંત્ર સામે કાર્યવાહીની પણ માંગ ઉગ્ર બની છે. આ ઘટનાએ ફરી એકવાર ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓના અભાવની વાસ્તવિકતા સૌની સામે મૂકી દીધી છે.

# સેફ્ટી શૂઝ મુદ્દે ચાર યુનિયનોની GUVNL સમક્ષ સંયુક્ત રજૂઆત

**એકતરફી** સ્પેસિફિકેશન રદ કરી તમામ યુનિયનો સાથે ચર્ચા કરવાની માંગ

**માગ નહીં** સ્વીકારાય તો સેફ્ટી શૂઝનો ઉગ્ર વિરોધ કરવાની ચેતવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા બ્લોક વર્ષ 2023-25 અને 2025-27 માટે સેફ્ટી શૂઝની ખરીદી માટે નક્કી કરાયેલા સ્પેસિફિકેશન સામે ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળ, અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, જીબીએ અને જીઈબીએસએસએ સહિતની ચાર માન્ય યુનિયનોએ સંયુક્ત રજૂઆત કરી છે.

યુનિયનોનો આક્ષેપ છે કે છેલ્લા ઘણા વર્ષોથી જોખમી પરિસ્થિતિમાં કામગીરી કરતા ટેકનિકલ કર્મચારીઓને સેફ્ટી શૂઝ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નથી. ઉપરાંત, સૌથી વધુ સભ્યસંખ્યા ધરાવતી માન્ય યુનિયનો સાથે કોઈ ચર્ચા કર્યા વિના એકતરફી રીતે સ્પેસિફિકેશન નક્કી કરાયા હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે. કર્મચારીઓની સલામતીને અસર કરતી બાબતોમાં તેમની સંસ્થાઓના સૂચનોને પણ યોગ્ય મહત્વ આપવામાં આવ્યું નથી તેવી રજૂઆત કરવામાં આવી છે.

યુનિયનોની માંગ છે કે વર્ષ 2023-25ના સેફ્ટી શૂઝની રકમ કર્મચારીઓને રોકડમાં ચૂકવવામાં આવે તથા વર્ષ 2025-27 માટેની ખરીદી તમામ માન્ય યુનિયનો સાથે સંયુક્ત ચર્ચા બાદ નક્કી કરાયેલા સ્પેસિફિકેશન મુજબ કરવામાં આવે. અગાઉ મંજૂર કરાયેલા સ્પેસિફિકેશનને રદ કરી ફરી બેઠક યોજવાની પણ માંગ કરવામાં આવી છે.

યુનિયનોએ ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓને સ્વીકારી સંયુક્ત મંત્રણા નહીં યોજાય તો સેફ્ટી શૂઝનો ઉગ્ર વિરોધ કરવામાં આવશે. આવી સ્થિતિ સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

વર્ષ પહેલાં બનેલા માર્ગ પર ઠેર-ઠેર ખાડા, વાહનચાલકો પરેશાન

# સયાજીપુરા-આજવા રોડ બિસ્માર, ખાડા અને બંધ કાંસથી અકસ્માતનો ખતરો

**કાંસની** સફાઈ અને સ્લેબ નાખવાની સ્થાનિકોની માંગ, તંત્ર પાસેથી તાત્કાલિક કાર્યવાહી અપેક્ષિત



(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

વડોદરા શહેરના છેવાડે આવેલા સયાજીપુરા ગામથી આજવા સરોવર તરફ જતો મહત્વનો માર્ગ ગત વર્ષે નવો બનાવવામાં આવ્યો હતો. જોકે, ટૂંકા સમયમાં જ યોગ્ય જાળવણીના અભાવે રસ્તા પર ઠેર-ઠેર ખાડા પડી જતા વાહનચાલકો માટે મુશ્કેલી ઊભી થઈ છે. રોજિંદા ભારે વાહનો અને સ્થાનિક લોકો આ માર્ગ પરથી અવરજવર કરતા હોવાથી અકસ્માતની ભીતિ પણ વધી રહી છે.

હાલમાં તંત્ર દ્વારા માત્ર ખાડા પૂરવાની કામચલાઉ કામગીરી કરવામાં આવી રહી છે, પરંતુ રસ્તાની બાજુમાં આવેલી વરસાદી પાણીના નિકાલની કાંસ કચરો અને માટીથી સંપૂર્ણ ભરાઈ ગઈ છે. પ્રી-મોન્સૂન કામગીરી સમયસર ન થતાં ચોમાસામાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થઈ શકતો નથી, જેના કારણે માર્ગ પર પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ રસ્તો અને કાંસ લગભગ સમાન સપાટી પર હોવાથી વરસાદ દરમિયાન પાણી ભરાઈ જાય ત્યારે કાંસ દેખાતી નથી. પરિણામે વાહનચાલકો કે રાહદારીઓ કાંસમાં ખાબકવાનો ભય રહે છે. આ સ્થિતિ ગંભીર અકસ્માતને આમંત્રણ આપી રહી હોવાનું લોકોનું કહેવું છે.

સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ જિલ્લા વહીવટી તંત્ર તથા આર એન્ડ બી વિભાગને તાત્કાલિક કાંસની સફાઈ કરાવી તેના પર સ્લેબ મૂકીને કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે. સાથે જ સમગ્ર માર્ગનું ગુણવત્તાસભર સમારકામ કરી વાહનવ્યવહાર સુરક્ષિત બનાવવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

# ગોત્રી GMERS હોસ્પિટલમાં સ્ટ્રેચર તૂટી, દર્દીનો આબાદ બચાવ

**દર્દીની** હેરફેર દરમિયાન અચાનક વ્હીલ નીકળી જતાં સર્જાઈ અફરાતફરી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

વડોદરાની ગોત્રી GMERS મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં દર્દીની હેરફેર દરમિયાન સ્ટ્રેચર તૂટી પડતાં હોસ્પિટલની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ઘટનામાં સદનસીબે દર્દીનો આબાદ બચાવ થયો હતો, પરંતુ દર્દી અને તેમના પરિવારજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, હોસ્પિટલમાં દાખલ દર્દીને એક વિભાગમાંથી અન્ય વિભાગમાં લઈ જવામાં આવી રહ્યા હતા. તે દરમિયાન સ્ટ્રેચરનું વ્હીલ અચાનક નીકળી જતાં સ્ટ્રેચર રસ્તામાં જ તૂટી પડ્યું હતું. દર્દી સંતુલન ગુમાવતા સ્થળ પર હાજર સગાંઓએ તાત્કાલિક સંભાળી લેતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાને પગલે હોસ્પિટલમાં હાજર અન્ય દર્દીઓ અને તેમના સ્વજનોમાં પણ ચિંતા વ્યાપી હતી.

આ બનાવ બાદ હોસ્પિટલ તંત્રની કામગીરી અને ઈમરજન્સી સાધનોની જાળવણી અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. નાગરિકોનું કહેવું છે કે કરોડોના ખર્ચ છતાં સ્ટ્રેચર, વ્હીલચેર સહિતની મૂળભૂત સુવિધાઓનું યોગ્ય નિરીક્ષણ અને જાળવણી થતી નથી. લોકોએ સમગ્ર ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવા તેમજ હોસ્પિટલમાં ઉપલબ્ધ તમામ ઈમરજન્સી સાધનોનું તાત્કાલિક ઓડિટ અને નિરીક્ષણ કરવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને.

# સમા પોલીસે 1.715 કિલો ગાંજા સાથે કુખ્યાત આરોપીને ઝડપી પાડયો

**ગાંજો** મોપેડ અને મોબાઈલ સહિત રૂ.1.30 લાખથી વધુનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ) વડોદરા તા.27

સમા પોલીસે સહેલી પાર્ક સોસાયટી નજીક શંકાસ્પદ હાલતમાં ફરતા એક કેરીયરને રોકી તપાસ કરતા તેની બર્ગમેન મોપેડમાંથી 1.715 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજો, મોબાઈલ અને મોપેડ સહિત રૂ.1.30 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી આરોપી સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમા નસીલા પદાર્થોનું ગેરકાયેલી વેચાણ થાય છે ત્યારે પોલીસે તેની સામે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે જેને લઈને સમા પોલીસ સ્ટેશનના પીઆઈ યુ.એચ. વસાવાની સૂચના મુજબ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે સમા વિસ્તારમાં સહેલી પાર્ક સોસાયટીના નાકા પાસે વ્રજવાટિકા સામે જાહેર રોડ પર શંકાસ્પદ હાલતમાં બર્ગમેન મોપેડ લઈને પસાર થતા વિપુલ દીપક રાઠવાને રોકી તપાસ કરવામાં આવી હતી. મોપેડની ડિકીની તપાસ દરમિયાન ત્રણ અલગ-અલગ પેકેટમાં 1.715 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. એફએસએલ અધિકારી દ્વારા સ્થળ પર પ્રાથમિક પરીક્ષણમાં આ પદાર્થ ગાંજો હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી.

આ કાર્યવાહીમાં રૂ.85 હજારનો ગાંજો, રૂ.40 હજારની બર્ગમેન મોપેડ અને રૂ.5 હજારનો મોબાઈલ મળી રૂ.1.30 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આરોપી વિપુલ દીપક રાઠવા (રહે. સહેલી પાર્ક સોસાયટી, સમા) સામે એનડીપીએસ એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અગાઉ પણ ચોરી, પ્રોહિબિશન એક્ટ, દારૂના ગુનાઓ તેમજ અન્ય અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો છે. સમા પોલીસ હવે ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં વધુ તપાસ ચલાવી રહી છે.

જાગૃત નાગરિકે 181ને જાણ કરતા અભયમની ટીમ સમયસર પહોંચીને સખી વન સ્ટોપ સેન્ટરમાં પહોંચાડી

# માતા પિતાએ જબરદસ્તી લગ્નથી કરવા જણાવતા યુવતી લગ્ન નહીં, પહેલાં ભણવું છે તેમ કહી ઘર છોડી નીકળી ગઈ

**યુવતીને ઘરની** બહાર જવા દેવામાં આવતી નહોતી અને સતત ઘરકામમાં વ્યસ્ત રાખવામાં આવતી હોવાનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા તા.27

માતા પિતાએ અભ્યાસ બંધ કરાવીને દીકરીને જબરજસ્તીથી લગ્ન કરાવવા દબાણ કરતા હોય દીકરી કંટાળીને ઘર છોડીને બહાર નીકળી ગઈ હતી. મારે લગ્ન નથી કરવા મારે આગળ ભણવું છે અને મારી જિંદગી મારા નિર્ણયથી જીવવી છે 18 વર્ષની યુવતીના આ શબ્દોએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમને પણ ભાવુક બનાવી દીધી હતી. જબરદસ્તી લગ્નના દબાણથી કંટાળીને ઘર છોડીને નીકળેલી યુવતી આખરે 181 ટીમની મદદથી સુરક્ષિત આશ્રય સુધી પહોંચી હતી.

વડોદરા શહેરમા એક એવી ઘટના સામે આવી છે, જેમાં માતા-પિતાના લગ્ન માટેના સતત દબાણ અને અભ્યાસ બંધ કરાવી દેવાના કારણે 18 વર્ષની યુવતી ઘર છોડીને નીકળી ગઈ હતી. યુવતીનું કહેવું હતું કે તેને આગળ અભ્યાસ કરવો હતો, પરંતુ તેના માતા-પિતાએ તેની ઈચ્છાને અવગણીને લગ્ન માટે દબાણ શરૂ કર્યું હતું. એટલું જ નહીં, તેને ઘરની બહાર જવા દેવામાં આવતી નહોતી અને સતત ઘરકામમાં વ્યસ્ત રાખવામાં આવતી હતી.આખરે કંટાળેલી યુવતી કચરો નાખવાના બહાને ઘરેથી નીકળી ગઈ અને રિક્ષામાં બેસીને નોકરી શોધવા માટે શહેરમાં ફરવા લાગી. જોકે, અજાણ્યા શહેરમાં કોઈએ તેને નોકરી આપવા તૈયારી દર્શાવી નહોતી. આ દરમિયાન એક સંવેદનશીલ વ્યક્તિના સંપર્કમાં આવતા યુવતીએ પોતાની સમગ્ર આપવીતી જણાવી હતી. યુવતીની પરિસ્થિતિ સમજી તે વ્યક્તિએ માનવતા દાખવી તરત જ 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો.માહિતી મળતા જ 181 ટીમ બાપોદ વિસ્તારમાં દર્શાવેલા સ્થળે પહોંચી હતી. ટીમે યુવતીનું કાઉન્સેલિંગ કરતાં તેણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે તે હાલ માતા-પિતા પાસે પરત જવા માંગતી નથી, કારણ કે ફરીથી તેના પર જબરદસ્તી લગ્નનું દબાણ કરવામાં આવશે. યુવતીએ પોતાની ઈચ્છા મુજબ ભણવા, આત્મનિર્ભર બનવા અને સુરક્ષિત વાતાવરણમાં રહેવાની માંગ કરી હતી.

યુવતીની ઉંમર પુખ્ત હોવાનું ધ્યાનમાં રાખી અને તેની સુરક્ષા તથા ભવિષ્યને પ્રાથમિકતા આપીને 181 ટીમે તેને સખી વન સ્ટોપ સેન્ટર (OSC) ખાતે રિફર કરી હતી. ત્યાં તેને સુરક્ષિત આશ્રય, કાઉન્સેલિંગ અને જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

# ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં TAP તરીકે નિયુક્ત અધ્યાપકોની પ્રથમ બેઠક સંપન્ન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સ ખાતે શૈક્ષણિક વર્ષ 2026-27 માટે નવનિયુક્ત થયેલા શિક્ષક સહાયકોની એક અગત્યની પ્રથમ ઓરિએન્ટેશન બેઠક યોજાઈ હતી. આ બેઠકનું આયોજન પુરાતત્વ વિભાગ ખાતે ફેકલ્ટીના ડીન પ્રો. ડો. કલ્પના ગવલીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ફેકલ્ટીના વિવિધ વિભાગોમાં નિયુક્ત થયેલા આશરે 67 જેટલા અધ્યાપકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત તમામ નવનિયુક્ત અધ્યાપકોએ પોતાનો સંક્ષિપ્તમાં પરિચય આપ્યો હતો, જેમાં તેમના વિષય, શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને સંશોધન ક્ષેત્રો અંગે ચર્ચા થઈ હતી. અધ્યક્ષ સ્થાનેથી ડીન પ્રો. ડો. કલ્પના ગવલીએ તમામ નવા અધ્યાપકોને આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

કારમાંથી ખાલી શરાબની બોટલ અને પોલીસ લખેલી નેમ પ્લેટ પણ મળી આવી

# નશામાં ધૂત કાર ચાલકે ટક્કર મારતા બાઈક સવાર યુવક-મહિલા ફંગોળાયા

**112 અને** 108ની ટીમે આજવા રોડ પર તાત્કાલિક પહોંચી સારવાર અર્થે SSGમાં ખસેડ્યા






(પ્રતિનિધિ) વડોદરા,તા.27

વડોદરા શહેરના આજવા રોડ પર ગત મોડી રાત્રે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં બાઈક પર જઈ રહેલા યુવક અને મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. પૂરઝડપે આવતી કાર બાઈક સાથે સામસામે અથડાતા બંને હવામાં ફંગોળાયા હતા. અકસ્માત બાદ સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી અને મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા.

સ્થાનિકોએ તાત્કાલિક ડાયલ-112 પર જાણ કરતાં પોલીસ અને 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ સૂત્રોના જણાવ્યા મુજબ બંનેને ટ્રોમા વોર્ડમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે અને તેમની હાલત ગંભીર પરંતુ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સર્જનાર કારમાંથી ખાલી દારૂની બોટલ તેમજ 'પોલીસ' લખેલી નેમ પ્લેટ મળી આવતા ઘટનાએ વધુ ચર્ચા જગાવી છે. પ્રાથમિક માહિતી મુજબ કાર ચાલક નશાની હાલતમાં હોવાની તેમજ તે પોલીસ કર્મચારી હોવાની ચર્ચા ચાલી રહી છે, જોકે પોલીસે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારની એરબેગ પણ ખુલી ગઈ હતી. પોલીસે કાર કબજે લઈને અકસ્માતના કારણો, કાર ચાલકની ઓળખ અને અન્ય પાસાઓની તપાસ શરૂ કરી છે. કાર ચાલકનો મેડિકલ ટેસ્ટ પણ કરાવવામાં આવશે. આજવા રોડ પર વારંવાર થતા અકસ્માતોને ધ્યાનમાં રાખી સ્થાનિકોએ સ્પીડ બ્રેકર, સીસીટીવી કેમેરા અને કડક ટ્રાફિક અમલવારી કરવાની માંગ ઉઠાવી છે.